# અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ વધારાના કામો

## સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગ

| | |
|---|---|
| ૧ | સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રીપોર્ટ મુજબ દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના રાષ્ટ્રનિર્માણના અવિરત સેવા-સંકલ્પ તથા વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિશ્વના અગ્રણી અને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવાના ભવ્ય વિઝનને જનજન સુધી પહોંચાડવાના ઉદ્દેશથી, સરદાર પટેલ રાજમાર્ગ પર આવેલ પ્રાપ્તિ સર્કલ તરીકે ઓળખાતા સર્કલને "સેવા જ્યોતી સર્કલ" નામાભિધાન કરવા તેમજ આ સર્કલને વડાપ્રધાનશ્રીના સેવા, સુશાસન, સમર્પણ અને રાષ્ટ્રપ્રથમના સંકલ્પને પ્રતિબિંબિત કરતા ભવ્ય, કલાત્મક, પ્રેરણાદાયી અને શહેરની આગવી ઓળખ સમાન સ્મારકરૂપ સર્કલ તરીકે સુશોભિત કરવા થનાર ખર્ચને મંજુર કરવા તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |
| ૨ | સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રીપોર્ટ મુજબ સામાન્ય સભા ઠરાવ નં.૬૦, તા.૧૭/૦૬/૨૦૨૫ થી ઠરાવ્યા અનુસાર SJMMSVY યોજના હેઠળ કરમસદ આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ એપીસી સર્કલ (રાજમાર્ગ રોડ) ઉપર નવીન બ્રિજ બનાવવાની કામગીરી કરાવવા અંગે ઓનલાઇન ટેન્ડરથી પ્રસિધ્ધ કરતાં ક્વોલીફાઇડ થતાં ઇજારદારશ્રીઓના ઓનલાઇન પ્રાઇસ બીડ ખોલતાં નીચે મુજબના ભાવો આવેલ છે. |

| ક્રમ | ઇજારદારશ્રીનું નામ | ટેન્ડર રકમ | ઓછા/વધુ (ટકા) | આવેલ ટેન્ડરની રકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | રચના કન્સ્ટ્રક્શન કુ. | ૩૦,૫૦,૧૮,૮૧૨.૮૯ | ૯.૨૫% વધુ | ૩૩,૩૨,૩૩,૦૫૩.૦૮ | L1 |
| ૨ | એસપીજી ઇન્ફ્રાકોન પ્રા.લી., | ૩૦,૫૦,૧૮,૮૧૨.૮૯ | ૧૧.૫૧% વધુ | ૩૪,૦૧,૨૬,૪૭૮.૨૫ | L2 |
| ૩ | રાધે એસોસીએટસ | ૩૦,૫૦,૧૮,૮૧૨.૮૯ | ૧૫.૧૧% વધુ | ૩૫,૧૧,૦૭,૧૫૫.૫૨ | L3 |
| ૪ | દિનેશચંદ્ર આર. અગ્રવાલ ઇન્ફ્રાકોન પ્રા.લી. | ૩૦,૫૦,૧૮,૮૧૨.૮૯ | ૩૫.૦૦% વધુ | ૪૧,૧૭,૭૫,૩૯૭.૪૦ | L4 |

આમ, ઉપરોક્ત કોષ્ટક મુજબ L1 ઇજારદારશ્રી તરીકે રચના કન્સ્ટ્રક્શન કુ., અંકલેશ્વરનાઓના નેગોશીએશન કર્યા બાદનું ટેન્ડર રકમ રૂા.૩૩,૨૪,૭૦,૫૦૬.૦૫ પુરાનું (૯.૦૦% વધુ) આવેલ હોય જેની જરૂરી મંજુરી સારૂ તથા ઇજારદારશ્રી રચના કન્સ્ટ્રક્શન કુ.,અંકલેશ્વર પાસેથી કામગીરી કરાવવા જરૂરી નિર્ણય થવા સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ.

તા.૧૮/૦૯/૨૦૨૬

આદેશથી,

કલ્પેશ પરમાર
ઈ.ચા.મ્યુનિ. સેક્રેટરી
કરમસદ આણંદ મહાનગરપાલિકા